## સ્વાધ્યાય 3.4

**1. કહો કે નીચે આપેલી ઘટના ચોક્કસ બનશે, અશક્ય છે કે બની શકે પણ ચોક્કસ નહીં.**

**(i) ગઈકાલ કરતાં આજે તમારી ઉંમર વધુ છે.**

જ, આ ઘટના ચોક્કસ છે.

**(ii) એક સિક્કાને ઉછાળતાં હેડ આવશે.**

જ. આ ઘટના બની શકે પણ ચોક્કસ નહીં.

**(iii) પાસાને જ્યારે ફેંકવામાં આવે ત્યારે 8 મળશે.**

જ. આ ઘટના અશક્ય છે.

**(iv) હવે પછીની ટ્રાફિક લાઈટ લીલા રંગની દેખાશે.**

જ. આ ઘટના બની શકે પણ ચોક્કસ નહીં.

**(v) આવતીકાલનો દિવસ વાદળછાયો હશે.**

જ. આ ઘટના બની શકે પણ ચોક્કસ નહીં.

**2. એક પેટીમાં 6 લખોટી છે. જેના પર 1 થી 6 અંક લખવામાં આવેલ છે.**

**(i) 2 અંક લખોટી નીકળવાની સંભાવના કેટલી ?**

જ. કુલ લખોટી નીકળવાની શક્યતા = 6

2 અંક લખેલી લખોટી નીકળવાની શક્યતા = 1

$\therefore$ 2 અંક લખેલી લખોટી નીકળવાની સંભાવના = $\frac{\text{2 અંક લખેલી લખોટી નીકળવાની શક્યતા}}{\text{કુલ લખોટી નીકળવાની શક્યતા}} = \frac{1}{6}$

**(ii) 5 અંક લખોટી નીકળવાની સંભાવના કેટલી ?**

કુલ લખોટી નીકળવાની શક્યતા = 6

5 અંક લખેલી લખોટી નીકળવાની શક્યતા = 1

$\therefore$ 5 અંક લખેલી લખોટી નીકળવાની સંભાવના = $\frac{\text{5 અંક લખેલી લખોટી નીકળવાની શક્યતા}}{\text{કુલ લખોટી નીકળવાની શક્યતા}} = \frac{1}{6}$

**3. કઈ ટીમ રમત પહેલાં શરુ કરે તે માટે સિક્કો ઉછાળવામાં આવે છે. તમારી ટીમ શરૂઆત કરે તે માટેની સંભાવના કેટલી છે?**

સિક્કાને બે બાજુઓ હોય છે. તેથી કુલ શક્યતાઓ = 2

કોઈ પણ એક બાજુ આવવા માટે ની શક્યતા = 1

$\therefore$ તમારી ટીમ શરૂઆત કરે તેની સંભાવના = $\frac{\text{એક બાજુ આવવાની શક્યતા}}{\text{કુલ શક્યતા}} = \frac{1}{2}$